# નારી વંદના સપ્તાહની ઉજવણી

રાજ્યની મહિલાઓ સામાજિક,આર્થિક ,માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવ્યા છે. સર્વાંગી વિકાસના મહત્વના પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન ,કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા 1 ઓગસ્ટથી 8 ઓગસ્ટ દરમિયાન નારી વંદન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. તેના ભાગરૂપે આજે 1 ઓગસ્ટ 2025 મહિલા સુરક્ષા દિનની ઉજવણી કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે કરવામાં આવી.આ ઉજવણીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા અને વિદ્યાર્થીનીઓને પોતાના સર્વાંગી વિકાસ માટે અને સુરક્ષા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું. તથા જે વિદ્યાર્થીનીઓએ કરાટે અને રમત ગમતમાં રાજ્યો અને જિલ્લા કક્ષાએ નામના પ્રાપ્ત કરી હોય તેવી વિદ્યાર્થીનીઓને સન્માનિત કરવામાં આવી.






